**માંગરોલ ના મહે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**માંગરોલ, જી. સુરત**

# ક્રિમીનલ કેસ નંબર. ૪૨૪૫/૨૦૨૧

**<u>આંક ૧ લગત હુકમ</u> :-**

આ કામના આરોપીઓ (૧) ઇમ્તીયાઝ કાદર મલેક, (૨) બાબુભાઇ અમરતભાઇ પ્રજાપતી, (૩) હર્ષાબેન w/o. અજીતભાઇ વિનોદભાઇ ઠકકર, (૪) હર્ષદભાઇ લક્ષ્મણભાઇ પટેલ, (૫) મોહનભાઇ ભવાનભાઇ પટેલ અને (૬) કિરણસિંહ ઉદયસિંહ અટોદરીયા નાઓને કોસંબા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નં.૧૦૦/૨૦૦૬ ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦, ૧૯૨ અને ૧૧૪ મુજબના ગુનાના કામે અટક કરી જે તે સમયે તેઓ વિરુધ્ધ ચાર્જશીટ રજુ કરેલ જેને અત્રેની અદાલત ધ્વારા ક્રિમીનલ કેસ નંબર ૧૪૬૯/૨૦૧૩ થી દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ હાલનો કેસ નામદાર જીલ્લા ન્યાયાલય, સુરતના આદેશ અનુસાર સુરત ખાતે તબદીલ કરવામાં આવેલ અને તેને સુરત ખાતે ક્રિમીનલ કેસ નંબર ૫૫૦૩૯/૨૦૧૬ થી દાખલ કરવામાં આવેલ અને ત્યારબાદ માંડવી ખાતે એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ અસ્તીત્વમાં આવતા હાલનો કેસ સુરત થી માંડવી ખાતે તબદીલ કરવામાં આવેલ અને માંડવી ખાતે હાલના કેસને ક્રિમીનલ કેસ નંબર ૧૪૦૭/૨૦૧૭ થી દાખલ કરવામાં આવેલ.

રેકર્ડ ઉપરથી જણાઇ આવે છે કે આ કામના આરોપી નં.૫ મોહનભાઇ ભવાનભાઇ પટેલનાઓએ માંડવી કોર્ટ ખાતે ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ ૨૩૯ અન્વયે આંક ૨૪ થી ડીસચાર્જ અરજી આપેલ અને તે અરજીના અનુસંધાને તારીખ ૧૪/૧૧/૨૦૧૯ ના રોજ એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, માંડવી નાઓએ સદર આરોપી નં.૫ મોહનભાઇ ભવાનભાઇ પટેલ ની આંક ૨૪ ની ડીસચાર્જ અરજી નામંજુર કરેલ. ત્યારબાદ તે હુકમ થી નારાજ થઇ આરોપી નં. નં.૫ મોહનભાઇ ભવાનભાઇ પટેલ નાઓએ સેશન્સ કોર્ટ, બારડોલી ખાતે ક્રિમીનલ રીવીઝન

અરજી નંબર ૨/૨૦૨૦ દાખલ કરેલ અને તે રીવીઝન અરજીના કામે તારીખ ૧૪/૦૨/૨૦૨૪ ના રોજ ૮મા એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ, બારડોલી નાઓએ આરોપી નં.૫ મોહનભાઇ ભવાનભાઇ પટેલ ની ક્રિમીનલ રીવીઝન અરજી નંબર ૨/૨૦૨૦ મંજુર રાખી સદર આરોપી નં.૫ પુરતી ફરીયાદીની હાલની ફરીયાદ રદ કરતો નીચે મુજબનો આખરી હુકમ કરેલ છે.

> “1. The present Criminal Revision Application stands allowed.
>
> 2. The impugned order dated 14/11/2019 passed below Exh.24 in Criminal Case No.1407/2017 with all consequential proceedings is hereby set aside.
>
> 3. The applicant-accused is hereby discharged in Criminal Case No.1407/2017 in respect of the charges leveled against him by the Investigating Agency in final report under Section 173(2) of the Code.
>
> 4. A copy of this order be sent to learned Trial Court for necessary information and compliance.
>
> 5. The applicant-accused is hereby directed to submit surety bonds in sum of Rs.15,000/- with one surety before the ld. Trial Court under Section 437(A) of the Code.
>
> 6. R & P (if any) of the Ld. Trial Court be returned back with immediate effect alongwith a copy of this judgment for necessary compliance.
>
> 7. No order as to costs."

નામદાર સેશન્સ કોર્ટ, બારડોલી ધ્વારા ઉપરોકત હુકમની ખરી નકલ અને અસલ રેકર્ડ, પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ એન્ડ એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, માંડવી, જી. સુરત ખાતે તારીખ ૧૫/૦૨/૨૦૨૪ ના પત્રથી મોકલવામાં આવેલ. પરંતુ અસલ ક્રિમીનલ કેસ નંબર ૧૪૦૭/૨૦૧૭ જે તે સમયે ક્રિમીનલ રીવીઝન અરજી નંબર ૨/૨૦૨૦ ના કામે સેશન્સ

કોર્ટ, બારડોલી ખાતે મોકલવામાં આવેલ હતો અને તે દરમિયાન માંગરોલ ખાતે એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ અસ્તીત્વમાં આવતા તે કેસ અસલ રેકર્ડ વિના નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ, સુરતના આદેશ અનુસાર માંડવી થી માંગરોલ ખાતે તબદીલ કરવામાં આવેલ અને માગરોલ ખાતે હાલના કેસને ક્રિમીનલ કેસ નંબર ૪૨૪૫/૨૦૨૧ થી દાખલ કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ એન્ડ એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, માંડવી, જી. સુરત નાઓએ તારીખ ૨૧/૦૨/૨૦૨૪ ના પત્રથી સેશન્સ કોર્ટ, બારડોલી નો ક્રિમીનલ રીવીઝન અરજી નંબર ૨/૨૦૨૦ ના હુકમની ખરી નકલ તથા હાલના કેસનું અસલ રેકર્ડ અત્રેની અદાલત તરફ મોકલી આપેલ છે.

નામદાર સેશન્સ કોર્ટ, બારડોલી ના સદર હુકમને માનસહ વંચાણે લેતા સ્પષ્ટ જણાઇ આવે છે કે આ કામના આરોપી નં.૫ મોહનભાઇ ભવાનભાઇ પટેલ નાઓએ તેઓના વિરુધ્ધની હાલની ફરીયાદ અને ચાર્જશીટ રદ કરવા માટે માંડવી કોર્ટ ખાતે ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ ૨૩૯ અન્વયે આંક ૨૪ થી ડીસચાર્જ અરજી કરેલ અને તે અરજી તારીખ ૧૪/૧૧/૨૦૧૯ ના હુકમથી એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, માંડવી નાઓએ નામંજુર કરેલ હોઇ ત્યારબાદ તે હુકમ થી નારાજ થઇ આરોપી નં. ૫ મોહનભાઇ ભવાનભાઇ પટેલ નાઓએ સેશન્સ કોર્ટ, બારડોલી ખાતે ક્રિમીનલ રીવીઝન અરજી નંબર ૨/૨૦૨૦ દાખલ કરેલ અને તે રીવીઝન અરજીના કામે તારીખ ૧૪/૦૨/૨૦૨૪ ના રોજ ૮મા એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ, બારડોલી નાઓએ આરોપી નં.૫ મોહનભાઇ ભવાનભાઇ પટેલ ની ક્રિમીનલ રીવીઝન અરજી નંબર ૨/૨૦૨૦ મંજુર રાખી સદર આરોપી નં.૫ પુરતી ફરીયાદીની હાલની ફરીયાદ અને ચાર્જશીટ ઉપરોકત હુકમ ધ્વારા રદ કરવામાં આવેલ છે.

તમામ હકીકતો અને સંજોગોને ધ્યાને લેતાં, આ કામે આરોપી નં.૫ મોહનભાઇ ભવાનભાઇ પટેલ નાઓની તેઓના વિરુધ્ધની હાલની ફરીયાદ અને ચાર્જશીટ ક્રિમીનલ રીવીઝન અરજી નંબર ૨/૨૦૨૦ ના કામે તારીખ ૧૪/૦૨/૨૦૨૪ ના રોજ ૮મા એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ, બારડોલી નાઓએ મંજુર કરેલ હોઇ, હાલના કેસમાં આરોપી નં.૫ મોહનભાઇ

ભવાનભાઇ પટેલ નાઓ વિરુધ્ધની ફરીયાદીની ફરીયાદ અને હાલના ચાર્જશીટ બાબતે હવે કોઇ આગળની ન્યાયીક કાર્યવાહી કરવાની રહેતી ન હોઇ, નામદાર સેશન્સ કોર્ટ, બારડોલી ના ક્રિમીનલ રીવીઝન અરજી નંબર ૨/૨૦૨૦ ના કામે તારીખ ૧૪/૦૨/૨૦૨૪ ના હુકમ ના અનુસંધાને આ કામના આરોપી નં.૫ મોહનભાઇ ભવાનભાઇ પટેલ પુરતી ફરીયાદીની ફરીયાદ અને હાલની ચાર્જશીટ આથી રદ કરેલ હોઇ, સદર હુકમના આધારે આ કામના આરોપી નં.૫ પુરતી ફરીયાદીની હાલની ફરીયાદ આથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને હાલના કામે સદર આરોપી નં.૫ મોહનભાઇ ભવાનભાઇ પટેલ નાઓને બિનતહોમત છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

વધુમાં આથી હવે હાલના કેસની ઇન્સાફી કાર્યવાહી આ કામના આરોપી નં. (૧) ઇમ્તીયાઝ કાદર મલેક, (૨) બાબુભાઇ અમરતભાઇ પ્રજાપતી, (૩) હર્ષાબેન W/O. અજીતભાઇ વિનોદભાઇ ઠકકર, (૪) હર્ષદભાઇ લક્ષ્મણભાઇ પટેલ અને (૬) કિરણસિંહ ઉદયસિંહ અટોદરીયા નાઓ પુરતી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ. ૨ જી એપ્રીલ, ૨૦૨૪ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ. ૦૨/૦૪/૨૦૨૪

( રાજેન્દ્ર ઘનશ્યામભાઇ બારોટ )
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
માંગરોલ, જી. સુરત
**Judge Code : GJ00572**